

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

તાઉ-તે નામથી જ દુશ્મનોનું આ કામ લાગે છે,
ચીન-નાપાકનું આ સંયુક્ત પરાક્રમ લાગે છે.
ધામ લાગે છે નિર્દયી તોફાન ઉભાં કરવાનું -
નડે છે નાપાકને તેનાં પાપનો અંજામ લાગે છે.
(રાજકીય દૃષ્ટિથી - કરેલો આરોપ)

હાઈકુ

ખૂંદે આંગણા
માનવી છે પાંગળાં
પ્રકૃતિ સામે...

કરો સામનો
બધી આપત્તિઓનો
લડો હસીને...

### ચિંતન

આત્મા સાક્ષી ભવેત્ નિત્યં, આત્મનસ્તુ શુભા શુભમ્ ।
મનસા કર્મણા વાચા, ન ચ ક્ષડક્ષતમ્ પ્રાતકમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃતસુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

દરેક મનુષ્યનો આત્મા, તેના શુભ અને અશુભ દરેક પ્રકારનાં કર્મોનો નિત્ય સાક્ષીરુપ છે. તેથી મનુષ્યે કયારેક મન વચન યા કર્મથી પણ પાપ કર્મોનો વિચાર પણ કરવો ન જોઈએ.

આપણી ભાષામાં કહેવત છે કે 'પંડ્ય જાણે પાપ' અર્થાત્ મનુષ્ય ભલે જગતથી છૂપું રહે એવું પણ પાક કર્મ કરે પરંતુ એ પોતે એ જાણતો હોય છે અને એવા પાપકર્મ બદલ એનો અંતરાત્મા તો તેને ડંખતો જ હોય છે.

જૂના વખતમાં વડીલો પણ કહેતા કે 'પાપ તો પીપળે ચડી ને પોકારે છે'

### સુવિચાર

- ન કુરાન અપના, ન પુરાણ અપના, શાન ઉસકી, કેવલ ઈમાન ઉસકા - **મોરારિ બાપુ**
- સ્મૃતિઓ દીવાલમાં પડેલી તિરાડ જેવી હોય છે,
  રંગરોગાનથી એ ઢંકાઈ શકે, પણ પુરાઈ ન શકે, સમય જતાં એ વધુ વિસ્તરે - **આલ્ફાન્સો કયુરોન**
- બોધ આપવો કે સલાહ આપવી સહેલાં છે,
  પણ સહાય અને સાધના કરવી અઘરું છે - **ડો. કુમારપાળ દેસાઈ**
- મૂર્ખનાં લક્ષણો પાંચ : ગર્વ, દુર્વચનો તથા વિવાદ અને હઠાગ્રહ,
  અન્ય કોઈનું સાંભળે નહીં - **મુનિશ્રી ચિત્રભાનુ**
- કેટલું વાળ્યું તે નહિ, કેવું વાવ્યું અને કેવું લણ્યું તે મહત્વનું છે - **જીવન પાથેય**
- ભૂલ કર્યા પછી ભય પેદા થાય છે અને તે જ એનો દંડ છે - **વોલ્તેર**
- આજનું ઔષધ : મમરા અને ખડીસાકર દૂધમાં ઉમેરી એક વાટકી રોજ ખાવાથી પેટનો દાહ, એસીડીટી વગેરેમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક મુમુક્ષુએ પોતાના ગુરુને પૂછ્યું, 'પ્રભુ! કીઈ સાધના કરું ?' ગુરુએ કહ્યુ, 'તમે ખૂબ જોરથી દોડો, દોડતા પહેલાં એ નિશ્ચિત કરી લો કે 'હું ભગવાન માટે દોડું છું' બસ આજ તમારા માટે સાધના છે.' મુમુક્ષુ 'શું બેસી ને કરવાની કોઈ સાધના નથી?' ગુરુ 'છે, કેમ નહિ !! બેસો અને નિશ્ચય રાખો કે તમે ભગવાન માટે બેઠા છો.' મુમુક્ષુ 'ગુરુવર, કોઈ જપ નથી કરવાના ?' ગુરુ 'કોઈ પણ ભગવન્નામની આવૃત્ કરો અને વિચારો કે હું ભગવાન માટે કરું છું.' મુમુક્ષુ 'ત્યારે શું ક્રિયાનું કોઈ મહત્ત્વ નથી? શું મારો ભાવ જ સાધન છે?' ગુરુએ કહ્યું, 'અરે ભાઈ!! ક્રિયાનું પણ મહત્ત્વ છે પરંતુ ક્રિયા પહેલાં એ જ વસ્તુ આપી શકે છે જેમાં તમારો ભાવ હશે. ભગવન્નામ જપનો ઉદ્દેશ ધન હશે તો પહેલાં ધન અને પછી ભગવાન. ક્રિયાથી ભાવ અને ભાવથી ક્રિયા, આ જ ક્રમ છે, દૃષ્ટિ લક્ષ્ય પર રાખવી, પછી તમે જ કરશો એ જ સાધના થઈ જશે. દરેક માણસનો એ જ ભાવ હોવો જોઈએ કે એ જયાં છે ત્યાં જ એને ભગવાન મળી શકે છે. એવું કોણ છે, જેને ભગવાન નથી મળ્યા. પહેલાં લક્ષ્ય તો સારું કરો, સાધના સ્વયં સારી થઈ જશે.' મુમુક્ષુ ને ગુરુદેવની વાત ગળે ઊતરી.

# કોરોના કાળ : પુણ્યશ્લોક મહાનુભાવોનું વિદાય પર્વ

તંત્રીસ્થાનેથી...

કોરોનાની બીજી લહેર ઘણી વધારે આકરી પડી એટલે સંભવિત ત્રીજી લહેર પૂર્વે પાણી પહેલાં પાળ બાંધવા સરકાર અને પ્રજાએ પૂર્વ તૈયારી રાખવી જ પડશે. ખુદ વડાપ્રધાન આ મુદ્દે ગંભીર અભિગમ ધરાવે છે. ડૉકટરો સાથેની ચર્ચા દરમિયાન તેઓ ભાવુક બની ગયા તે કોઈ મગરનાં આંસુ નહોતાં. સ્વજનો ગુમાવવાનું દુઃખ કોને ન હોય ! વડાપ્રધાનના સંસદીય ક્ષેત્રમાં કાશીના ઘાટો પર આઠે પહોર ચિતાઓ સળગતી હતી અને ગંગાજીના પટમાં અનેક મૃતદેહોના ખડકલા થયા હતા તે હવે સર્વવિદિત છે. ગુજરાતી કવયિત્રી પારુલ ખખ્ખરે ખોંખારો ખાઈને કોઈ મરદ પણ ન પડકારી શકે એવી બુલંદી સાથે વડાપ્રધાનને ગંગાને 'શબવાહિની' બનાવવા બદલ પડકાર્યા એ કોરોના કાળની એક સીમાચિહ્નરૂપ સર્જનાત્મક ઘટના છે. સાહિત્ય સમાજનું દર્પણ ગણાયું છે. ખરા સમયે સાહિત્યકાર એના સમય અને સમાજનું પ્રતિબિંબ ન ઝીલે અને દૂંટીની વાત ન કરે તો લ્યાનત છે એવા હાથી દાંતની હવેલીઓમાં પુરાઈને સૌંદર્યલક્ષી કવિતડાં રચનારાઓને. મેઘાણીએ એમની કવિતામાં આ જ મતલબનો પડકાર ફેંકીને સમકાલીન કવિને વેધક સવાલ કર્યો હતો કે જયારે આસપાસ ભૂખ અને દુઃખની ભરમાળ હોય ત્યારે પ્રેમ અને સૌંદર્યની કવિતા કરવાનું તને કેમ ગમે ? પારુલ ખખ્ખરની પીડા એ માત્ર અમરેલીની એક ગૃહિણી કવયિત્રીની પીડા નહોતી. એમાં સમસ્ત રાષ્ટ્રની જનતાના હૈયે ધધકતા ઊના લાય નિસાસા હતા. સરકારના અને શાસક પક્ષના ચાપલૂસોએ કવયિત્રીનો અવાજ દબાવવા જેટલો પ્રયાસ કર્યો એટલો એ વધારે બુલંદ બની અત્ર-તત્ર-સર્વત્ર પડઘાતો રહ્યો. આવા અવાજોને પુરસ્કારવા જોઈએ. કોરોનાથી જ ચોરાણું વર્ષની જૈફ વયે ઋષીકેશની એમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેનારા પ્રકૃતિવિદ્ સુંદરલાલ બહુગુણાએ જયારે વિકાસ યોજના ખાતર હિમાલયને બોડો બનાવવાનો સરકારી હુકમ પડકારી 'ચીપકો' આંદોલન ચલાવ્યું ત્યારે તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ એમની રજૂઆતને માન્ય રાખીને પંદર વર્ષ સુધી વૃક્ષોના નિકંદન પર રોક લગાવી હતી. એટલું જ નહીં, પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા માટે ચિંતિત અદના લોકસેવકને છેક 'પદ્મવિભૂષણ' સુધીનાં સર્વોચ્ચ બહુમાન એનાયત થયાં હતાં. ઉત્તરપ્રદેશમાંથી જુદા પડેલા હિમાલયની ગોદમાં વસેલાં ઉત્તરાખંડે આપણને બે 'બહુગુણા' આપ્યા. એક તો હેમવતીનંદન બહુગુણા, જે ઉત્તરપ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રી પણ બનેલા. એમના રાજકીય વારસદારોને પણ રાજકીય પદોની લહાણી થતી રહી છે. પરંતુ રાજકારણીઓ લોકમાનસમાં લાંબુ જીવતા નથી. આજે એચ.એન. બહુગુણા ભુલાઈ ગયા છે અને માથે ફકીર જેવો ફટકો બાંધી હિમાલયના સાચા પુત્ર તરીકે એનો વારસો દીપાવનારા પ્રકૃતિવિદ સુંદરલાલ બહુગુણા જનમાનસમાં અમર થઈ ગયા છે. કચ્છને એના સંપૂર્ણ અભિનિવેશ સાથે વિશ્વપટલ પર મૂકી આપનારા કાંતિસેન શ્રોફ પણ આ જ સમયગાળામાં વિદાય થયા છે. એમને ભાવનગરની એકસેલ ઈન્ડસ્ટ્રીઝ તથા કચ્છના 'સૃજન' કે 'અભિયાન' અને વીઆરટીઆઈ (વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટયુટ) જેવી સંસ્થાઓ દ્વારા જનચેતનાને સંકોરી અને છેક છેવાડાના માનવીના હાથની હુન્નરને દુનિયા સમક્ષ પ્રસ્તુત કરી. સ્વૈચ્છિક સંસ્થાઓ કેવી રીતે વિકાસ પ્રક્રિયામાં મદદરુપ થઈ શકે અને નાના માણસને આર્થિક રીતે પગભર કરી શકે એનું ઉત્તમ ઉદાહરણ ભુજોડી ખાતે 'કાકા' એ સ્થાપેલી સૃજન સંસ્થા છે જે કચ્છી ભરત ગૂંથણની કળાને એક વિશ્વવ્યાપી બજાર ઉપલબ્ધ કરાવવાનું એપીસેન્ટર બની રહી છે. કમનસીબે સુંદરલાલ બહુગુણા કે કાન્તિસેન શ્રોફ જેવા મહાનુભાવો એવા સમયે આપણી વચ્ચેથી વિદાય થયા છે જયારે એમના માર્ગદર્શનની વધારેમાં વધારે જરૂર હતી. કોરોના પ્રોટોકોલને કારણે એમની શ્રદ્ધાંજલિ સભાઓ પણ નથી રાખી શકાઈ. બેઉ દિવંગત મહામાનવોને આપણે અંતઃકરણનાં વંદન પાઠવીએ અને બેઉ ફરી જન્મ ધારણ કરી આ દેશની વિકાસકૂચના અગ્રદૂત બને એવી પરમાત્માને અરજ ગુજારીએ.

# કોઈ કૃત્તિથી પ્રસિદ્ધિ મળે પણ સિદ્ધિ ન મળે!



આરપાર
રાઘવજી માધડ

કોઈ કૃતિ કે વ્યક્તિ ચર્ચાની એરણ પર આવે કે વાદ-વિવાદના વંટોળમાં સપડાય ત્યારે સમજવું કે તેમાં ક્યાંક તથ્ય છુપાયેલું હોવું જોઈએ.પણ જે તથ્ય કે સત્ય ભાવકે શોધી,સમજી તેનો પ્રતિભાવ આપવો જોઈએ.મીડિયા પર કોઈ પોસ્ટ મૂકોને વળતી ક્ષણે પાંચ-પંદર લાઈક મળી જાય... એવું તો નજ થવું જોઈએ. ખરેખર તો સાહિત્ય સર્જનમાં સાંપ્રત સમયનું પ્રતિબિંબ ઝીલાવું કે હોવું જોઈએ. આજુબાજુ ઘટતી ઘટના ઓનો પડઘો પડવો જોઈએ. સાહિત્ય એ સમાજનો અરીસો છે.જરૂર જણાયે તંત્ર કે સમાજને અરીસો ધરવાનું કામ પણ સમાજધર્મી સાહિત્યકારે કરવાનું છે.સાહિત્યકાર ભલે પત્રકાર નથી પણ પત્રકારત્વ એ ઝડપથી, તત્કાળ સર્જાતું સાહિત્ય છે અને સાહિત્ય એ ધીમેથી,ચોક્કસ ઢાંચામાં સર્જાતું પત્રકારત્વ છે !

ગુજરાતમાં ભૂકંપ, દુષ્કાળ, વાવાઝોડું, અતિવૃષ્ટિ...ને આ કોરોનાની વિશ્વવ્યાપી મહામારી જેવી ઘટ નાઓ ઘટે જે ગુજરાતી સાહિત્યમાં, પ્રમાણમાં બહુ ઓછી ઝીલાઈ છે અને જયારે ઝીલાઈ છે ત્યારે ચારેકોર ઉહાપોહ મચી જાય છે... કારણ કે આપણે ટેવાયેલા નથી અને કૃત્તિમાં કોરી કલ્પના સિવાયનું નર્યું સત્ય પચાવવું અઘરું હોય છે. છતાંય એટલું ચોક્કસ કહી શકાય,તેને વાચક,ભાવક તરીકે સારી કે નબળી અસરતો થઈ, નોંધ તો લેવી પડી!?બીજું કે, લખવું એ કલા કરતા કૌશલ્ય વધારે છે...અને એટલું જ સાચું છે,અનુભૂતિ વગરની અભિવ્યક્તિ નકામી કે લૂલી,પાંગળી હોય છે.પ્રાણ પ્રશ્ન એ રહ્યો છે કે,એસી કે આલિશાન ઓરડામાં બેસી લખતા કવિ-લેખકને વળી આવા જાત અનુભવના ઉછી-ઉધારા ક્યાં અને કોની પાસે કરવા જવાનું !? પણ સત્ય એ છે કે માત્ર કલ્પનાના ઘોડે ચઢવાથી પંથ કપાય પણ મુકામ મળે નહીં.

અંગ્રેજ સરકાર સામેના આઝાદીના જંગ વેળાએ,રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ,ધંધુકા (જિ. અમદાવાદ)ની ભરી કોર્ટમાં મેજીસ્ટ્રેટ ઈસાણીની અનુમતિથી,'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ...લગીત ગાયું હતું.ત્યારે વિશાળ મેદની સમેત સહુની આંખો ભીની થઈ હતી.સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ ઐતિહાસિક પ્રસંગની ભારે અસર થઈ હતી. ખુદ ગાંધીજીએ વાઈસરોયને ખાસ પત્ર લખી ધ્યાન દોર્યું હતું: ગુનો કર્યાનું કહેવાય છે તે સમયે કવિ રાણપુરમાં પોતાના ઘરમાં ઘસઘસાટ ઊંઘતાં હતા.

કવિતાએ માત્ર શબ્દોની ગોઠવણી ન હોય... કવિનો શબ્દ અંગારો હોય,ઋજુ હૃદયની આરપાર ઊતરતી કટારી હોય.કવિતાની અસર થવી જોઈએ અને ન થાયતો સમજવું તેમાં કશીક કસર છે ! આવી કસર વાળી ને બિન અસરકારક કૃત્તિઓનો આજે સોશ્યલ મીડિયા પર મબલખ ફાલ ઉતરી રહ્યો છે ! આ સમયે અદના આદમીની વસમી વેદનાને વાચા આપતી કવિ પ્રિયકાંત મણીયારની 'એ લોકો' કવિતા યાદ આવે છે - જે આજે પણ એટલી જ પ્રસ્તુત લાગે છે :

એ લોકો પહેલા કાપડના તાકા ભરી રાખે છે. પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વાર વાર વેચે છે. એ લોકો પહેલા ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે. પછી જયારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે. એ લોકો પહેલા ઔષધની શીશીઓ સંઘરી રાખે છે. અને માણસ જયારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.

એતો લોકો છે જ નહીં એતો નોટો ને ખાઈ ઉછરતી ઉધઈ, બીજું એને કાંઈ ભાવતું નથી.

મારે કવિ થવું જ નથી.

ભારે અસર કરનારી જંતુ નાશક દવા થાઉ તોય બસ !

● ● ●

કોઈ કહે સાહિત્ય સર્જન એ નિજાનંદ માટે છે...આવું જ હોયતો,સાહિત્ય ક્યાંય પ્રગટ કરવું ન જોઈએ. કૃત્તિ કોઈ માધ્યમ દ્વારા પ્રગટ થાય એટલે પબ્લિક પ્રોપર્ટી બની જાય છે. કૃત્તિમાંથી નવું નીપજવું, વાચકને કાંઈક મળવું જોઈએ,સામાજિક વેદનાને વાચા મળવી જોઈએ.બાકીતો પ્રસિદ્ધિ મેળવવી સહેલી હોય પણ સિદ્ધિ મેળવવી એટલી અઘરી છે.વાચક એ રાજા છે... પણ ભાવ-પ્રતિભાવ આપતા પહેલા ચોક્કસ વિચારે !

**છેલ્લે :**

**વાવાઝોડામાં મૂળસોતા ઊખડેલા ઝાડવાના લાકડા હવે મડદાં બાળવામાં કામ આવશે !**

**(કવિશ્રી ઘનશ્યામ સવાણી, નવસારી)**

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# કોરોનાને જીતવાના આ રહ્યા ઉપાયો



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

અત્યારે કોરોના એની ચરમસીમાએ છે. હાલ એનું સંક્રમણ નિયંત્રણની બહાર છે. ખરેખર તો હવે જ આખા દેશમાં એક મોટું (એકવીસ દિવસનું) અને એક નાનું (એક અઠવાડિયાનું) એમ બે લોકડાઉનની જરૂર છે. આ બન્ને લોકડાઉનની વચ્ચે બે દિવસનો ગેપ આપવાનો જેમાં દરેક ઘરમાંથી માત્ર એક જ વ્યક્તિ દિવસના નિશ્ચિત કરેલા કલાકોમાં બહાર નીકળીને ખરીદી કરી શકે.

જો કે હવે લોકડાઉન આપવાથી સાવ નાના નાના ધંધા રોજગાર ફરી એકવાર ઠપ્પ થઈ જાય અને ગરીબો, મજૂરો, કારીગરોના પરિવારોના જીવન ઉપર સંકટ આવી પડે. પણ કોરોનાનું સંક્રમણ જોતા એક મોટું લોકડાઉન તો જરૂરી જ છે. કેમ કે આપણી પ્રજા જોહૂકમી વિના ઘરમાં બેસે એવી નથી. સંપૂર્ણ લોકડાઉન આપવામાં આવશે તો જ બધા ઘરમાં રહેશે. આમ છતાંય કોરોનાથી બચવાના બીજા પણ ઘણા ઉપાયો છે. આ એક જ વાયરસ એવો છે કે જે આપણી રોગપ્રતિકારક શક્તિને નબળી પાડે છે, અથવા જો નબળી હોય તો એને જલદી થાય છે. તેથી આપણે સૌ પ્રથમ વખત આપણી ઈમ્યુનિટી બાબતે વિચારવું જોઈએ. જો આપણી ઈમ્યુનિટી સિસ્ટેમ સારી મજબૂત હશે તો કોરોના આપણું કાંઈ નહીં બગાડી શકે. તેથી આજે ઈમ્યુનિટી સિસ્ટેમ મજબૂત કરવાના કેટલાક ઉપાયો વિશે વિચારીશું.

૧. સકારાત્મક વિચારો : મોટેભાગે આપણું મન નકારાત્મક બાબતો તરત સ્વીકારી લેતું હોય છે. અને સાચી બાબતોમાં આપણને શંકા જાય છે. તેથી અત્યારે કોરોના બાબતે ચારેતરફ જાતજાતની અફવાઓ ફેલાઈ રહી છે. એક ભયનો માહોલ બનાવવામાં આવી રહ્યો છે. સાવ સામાન્ય થતા મૃત્યુને ભયાનક બતાવીને ડરાવવામાં આવી રહ્યા છે. એક સર્વે મુજબ ભારતમાં કોરોનાના અગાઉના વર્ષોમાં રોજના ૩૫ હજાર મૃત્યુ થતા હતા. જે ડાયાબિટિસ, કેન્સર, હાર્ટએટેક, આત્મહત્યા કે અકસ્માતથી કે અન્ય કોઈ રોગથી રોજ ૩૫ હજાર મૃત્યુ થતા હતા. પરંતુ આ મૃત્યુ વિશે ટી.વી. કે અખબારોમાં વાંચીને આપણે ડરતા નહોતા. અને આજે રોજ કોરોનાથી ચારેક હજારની આસપાસ મૃત્યુ પામે છે પણ ટી.વી અને સોશિયલ મીડિયા એને એક જુદા જ એંગલથી, જુદા જ આશયથી બતાવે છે. પરિણામે આપણા માનસમાં એક ડરનો માહોલ બની ગયો છે. જો આવા સમયે સકારાત્મક વિચારવામાં આવે તો આપણી ઈમ્યુનિટી સિસ્ટેમ ખોરવાતી નથી.

૨. જિંદગીના સપનાઓને જાગૃત કરો. કહેવાય છે કે સપના એ જિંદગીની સૌથી પાવરફૂલ એનર્જી છે. સપના જોવાથી શરીરમાં એક નવી જ ઊર્જાનો સંચાર થાય છે. અત્યારે આ સમય છે જિંદગીના સપના જોવાનો, જિંદગીનું ધ્યેય નક્કી કરવાનો, આ સમયમાં ઘરમાં ફ્રી હોવાથી કંઈક એવું મોટું સપનું જુઓ. કંઈક મોટું ધ્યેય નક્કી કરો. પછી એને સફળ કરવા માટેના રસ્તાઓ વિશે વિચારો, એનો સમય નિશ્ચિત કરો, એ સપનું કે સપનાઓ પુરા કરવા માટે કયા ક્યા પરિબળો જરૂરી છે ? એના માટેના સ્ટેપ નક્કી કરીને કામ આરંભી દો. આમ કરવાથી કોરોના વિશેનો ભય કે ખોટા વિચારો તમારા મનમાંથી જ નીકળી જશે.

૩. જૂના સંસ્મરણો યાદ કરો. મિત્રો, આજકાલ ભાગદોડની અને સોશિયલ મીડિયાની જિંદગીમાં આપણે આપણા ઘણા અમૂલ્ય સંસ્મરણોને ગુમાવી રહ્યા છીએ. આજે જેઓ ચાલીસ વર્ષ ઉપરના છે તેઓ જ્યારે યુવાન હતા ત્યારે મોબાઈલ, ઈન્ટરનેટ કે એવું કશું નહોતું. એ યુગની રમતો, પારિવારિક અનુશાસન અને વ્યવસ્થા, સ્કૂલના, કૉલેજના સંસ્મરણો યાદ કરવાથી ખુબ મજા આવશે, ઘરમાં તમારા સંતાનોને કહો. તેઓને આ જ્ઞાન ઉપયોગી નીવડશે. ઘરમાં એક નવો માહોલ બનશે. રોજ સવારે ને સાંજે એકાદ બે કલાક આવા જુના સંસ્મરણો કહેવાથી, યાદ કરવાથી મન હલકું તો બનશે પણ મનમાંથી બીજા નેગેટિવ વિચારો પણ જતા રહેશે.

૪. હસો, ખૂબ હસો—દુનિયાના તમામ ડોકટર્સ કહે છે કે હસવાથી સ્વાસ્થ્ય સારું રહે છે. ઈમ્યુનિટી સિસ્ટેમ વધુ મજબૂત થાય છે. તેથી મિત્રો, આ સમય ઘેર બેસીને જો સમય હોય તો કૉમેડી ફિલ્મો જોવી, જોક્સ વાંચવા, ફોન કરી મિત્રોને કહેવા... ઘરમાં પણ નાની નાની વાત ઉપર બધાને હસાવો, આમ કરવાથી આખા ઘરનું વાતાવરણ પોઝિટિવ રહેશે. અને બધાની ઈમ્યુનિટી સિસ્ટેમ સારી રહેશે. વળી હસવાથી ચહેરાની બધી નસોમાં લોહી ઝડપથી વહે છે. તેથી ત્વચા પણ ઢીલી પડતી નથી.

૫. ગીતો ગાવ, સંગીત વગાડો - મિત્રો, હું માનું છું ત્યા સુધી આપણા દરેકની અંદર એક છૂપો ગાયક કલાકાર રહેલો જ હોય છે. મૂડમાં હોઈએ ત્યારે આપણે ગીત ગણગણીએ છીએ. પણ આ શોખને અત્યારે પૂરજોશમાં જાગૃત કરીને ઘરમાં ગીતો ગાવા જોઈએ. આવડે કે ના આવડે, પણ ગીતો ગાવાથી ઘણા ફાયદાઓ છે. એક તો પ્રાણાયામની પ્રક્રિયા થવાથી ફેફસા મજબૂત બને છે. શરીરમાં બ્લડ સરક્યૂલેશન સારી રીતે થાય છે. વળી ગીતના શબ્દો સાથે જો આપણે તાદાત્મ્યતા સાંકળી શકીએ તો આપણી સંવેદના પણ જાગૃત બને છે. મન પ્રફૂલ્લિત રહે છે, કલ્પનાશીલ રહે છે, ગીતો ગાવાથી એના શબ્દો આપણા હદયને અસર કરે છે તેથી આપણે શબ્દોના મર્મને ઓળખતા શીખીએ છીએ. ગીતો ગાતા ના આવડે પણ જો કોઈ સંગીતનું સાધન વગાડતા આવડે તો પણ વગાડવું જોઈએ, વાંસળી કે હાર્મોનિયમ કે ગિટાર.. આવા સાધનો આજકાલ બધાને વગાડવા અને સાંભળવા ગમતા હોય છે. વાંસળી વગાડવાથી ઘરનું વાતાવરણ એના સૂરોથી સંગીતમય બને છે. હાર્મોનિયમ સાથે આલાપ લેવાથી, પ્રાણાયામની પ્રક્રિયા શ્વાસોચ્છવાસની ક્રિયાને મજબૂત કરે છે. આજકાલ કી બૉર્ડમાં આ બધા સાધનો આવી જાય છે. આવું એકાદ સાધન ઘરમાં વસાવી લેવું જોઈએ. મિત્રો, ઘરમાં અંતાક્ષરી રમવાથી પણ વાતાવરણ હળવું બનાવી શકાય છે.

૬. સારા પુસ્તકો વાંચો : એક સારું પુસ્તક જીવન બદલવાની તાકાત ધરાવે છે. એના ઘણા ઉદાહરણો ઈતિહાસમાં છે. આ સમય ઘરમાં વ્યર્થ પસાર થાય એના કરતા થોડા પુસ્તકો વાંચી લેવા જોઈએ. કેમ કે પુસ્તકોમાં પણ એક નવી ઊર્જા, એનર્જી હોય છે. જે આપણને મળે છે. એક પુસ્તક આખા જીવનનો અર્ક આપણને પાય છે, લેખકના કે પાત્રના જીવનની ઘટનાઓ આપણને નવી દિશા આપે છે. સકારાત્મકતા આપે છે. અને પરિણામે આપણું મન કોરોનાની અસરમાંથી મૂક્ત થઈને નવી દિશામાં વળે છે. .

૭. મિત્રો, સંબંધીઓને ફોન કરો : આજકાલ દોડધામની જિંદગીમાં આપણે આપણા અનેક મિત્રોને, સંબંધીઓને ગુમાવી રહ્યા છીએ, ભૂલી રહયા છીએ કેમ કે સોશિયલ મીડિયાને કારણે નવા નવા મિત્રો, સંબંધો બનતા જાય છે અને સ્કૂલ કૉલેજના જુના મિત્રો સાવ વિસરાઈ જાય છે. આ સમય એવો છે કે આવા મિત્રોને ખાસ યાદ કરીને મોબાઈલ કરવાનો. સ્કૂલ કૉલેજની વાતો કરો, તમને ખુદને મજા આવશે. થોડા દૂરના સંબંધીઓને યાદ કરી ફોન કરો, ખબર અંતર પૂછો, આ બધુ આપણા નીરસ જીવનમાં રસ લાવશે, પ્રસન્નતા લાવશે,

૭. ફેસબૂક, વૉટ્સપ, ન્યૂઝ ચેનલોથી દૂર રહો. : મિત્રો, આપણી આખી માનસિકતાને જો કોઈ બગાડતું હોય તો તે છે ફેસબૂક, વૉટ્સપ. ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયા, અત્યારે ચારેબાજુ આ બધામાં માત્ર કોરોના, મૃત્યુ, શ્મશાન અને હોસ્પિટલોની સાચી ખોટી વિગતો બતાવવામાં આવી રહી છે. શક્ય છે કે ક્યાંક અવ્યવસ્થા હશે, ક્યાંક ભીડ થઈ હશે, ક્યાંક કોઈ ડોકટરે કોઈની છેતરપીંડી કરી હશે, પણ શું ટી.વી.માં આવું જ બતાવવાનું ? ફેસબૂક પર તો ચારેતરફ બેસણાના સમાચારો, ફોટા સાથે જોવા મળે છે. મૃત્યુ પામનાર તો મૃત્યુ પામે છે પણ પછી એમના ચાહકો, સંબંધીઓ, મિત્રો એમના ફોટા સોશિયલ મીડિયા ઉપર મૂકીને ચારેતરફ ભલે અજાણતા પણ મૃત્યુના ભયનો માહોલ બનાવે છે. એમના ફૉટા અને સમાચાર જોઈને એમને ઓળખનાર કેટલાય લોકોના મનમાં કોરોનાથી થતા મૃત્યુનો ભય પ્રવેશી જાય છે. જે એમને ચેનથી રહેવા દેતો નથી. અને જો એમને કોરોના થયો તો આવા ફોટાઓ, સમાચારો એમના મગજમાં હાવી થઈ જાય છે અને તેઓ અંદરથી ડરી જાય છે, નકારાત્મક બની જાય છે, પરિણામે દવાઓ કામ કરતી નથી અને ....માટે મિત્રો, આવા સમાચારો ફૉટાઓ પોસ્ટ કરવાથી દૂર રહેવું જોઈએ અને આ બધાથી હાલ દૂર રહેવાથી માનસિક સ્વાસ્થ્ય પણ સારું રહે છે.

મિત્રો, કોરોના એક માઈન્ડ ગેમ છે. એક ખાસ વાત યાદ રાખજો કે જો કૉરોના શરીરમાં ગયો તો એની સારવાર શક્ય છે, સારા થઈ શકાશે પણ જો કોરોના મગજમાં, મનમાં જતો રહ્યો તો એની કોઈ દવા નથી કે સારવાર નથી. એનાથી આપણને કોઈ બચાવી શકશે નહીં તેથી કોરોનાને મનમાં, મગજમાં પ્રવેશવા ના દો. મનને બીજી ઘણી બાબતોમાં વ્યસ્ત રાખો અને સ્વસ્થ રહો.

9426060601.india@gmail.com

# અભિષેક જૈન સાથે 'ઓહો' અને 'વિઠ્ઠલ તીડી' ની વાતો...!



રજવાડુ
અજય ઉપાધ્યાય

લગભગ બધા જ ઓટીટી પ્લેટફોર્મ પર ગુજરાતી કન્ટેન્ટ બહુ ઓછું છે અથવા તો છૂટુછવાયું છે એવામાં એક જ જગ્યાએ અને માત્ર ને માત્ર ગુજરાતી કન્ટેન્ટ પીરસતા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ' ઓહો' નું આગમન થઈ ચૂક્યું છે અને પહેલા બોલે જ સિક્સરની જેમ 'ઓહો' પર રજૂ થયેલી પ્રથમ વેબસીરિઝ 'વિઠ્ઠલ તીડી' એની જકડી રાખતી વાર્તા, અનોખી માવજત. સબળ સ્ક્રીપ્ટ, શાનદાર અભિનયને લીધે પૂરા દેશમાં વખણાય રહી છે. 'વિઠ્ઠલ તીડી' એટલી શાનદાર છે કે એના પર એક આખો લેખ અલગથી લખવો પડે પણ આવો આજે મળીએ આ વેબસીરિઝના નિર્માતા-નિર્દેશક અને ' કેવી રીતે જઈશ ' થી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને નવી દિશા આપનાર અભિષેક જૈન ને અને જાણીએ 'ઓહો' વિષે.. 'વિઠ્ઠલ ' વિષે.

૧. તમારી છેલ્લી દિગ્દર્શિત ફિલ્મ બે યાર ૨૦૧૪માં આવેલી. સાત વર્ષના લાંબા અંતરાલ પછી દિગ્દર્શન ક્ષેત્રે પાછા ફર્યા પછી ફિલ્મ નહીં અને વેબ સીરિઝ જ કેમ ?

એવું ક્યારેય મનમાં ધાર્યું નહોતું કે ફિલ્મ બનાવીશું કે વેબસિરીઝ બનાવીશું પણ એટલું ચોક્કસ હતું કે જેને બનાવતા મજા આવે અને ચેલેન્જ ફિલ થાય એવું કઈક બનાવવું છે. ૭ વર્ષ પછી કઈક બનાવવું એ અગત્યનું હતું. વચ્ચે એક હિન્દી ફિલ્મ પણ ડાયરેક્ટ કરી અને પછી વિઠ્ઠલની વાર્તા મળી. જેમાં પાત્રો અને પ્રસંગોનો વ્યાપ જોતાં એને વેબસીરિઝ તરીકે બનાવવાનો નિર્ણય લીધો અને કોરોનાના કહેર વચ્ચે જે ગામોમાં કેસ નહોતા ત્યાં સાવધાનીપૂર્વક બાયોબબલ બનાવીને સફળતાપૂર્વક શુટ કરી. લોકોનો અદ્ભુત પ્રતિસાદ જોતાં અમારી મહેનત સફળ થયાનો આનંદ છે.

૨. તમારી અગાઉની બન્ને ફિલ્મો શહેરી બેકડ્રોપમાં હતી અને આ ગામઠી બેકડ્રોપમાં અને એમાયે કાઠિયાવાડી ભાષામાં. કેટલું ચેલેંજિંગ રહ્યું ?

કાઠિયાવાડી ભાષા અને ગામઠી બેકડ્રોપ ચોક્કસ ચેલેંજિંગ હતું અને એને લીધે એક અલગ પ્રકારની ભાષા, ગામઠી વ્યવહાર અને પાત્રો વિષે ઘણું જાણવા મળ્યું.

૩. પ્રતિક ગાંધી સાથે ફરીથી કામ કરીને કેવું લાગ્યું ? સ્પેશિયલી 'સ્કેમ ૧૯૯૨' ની બમ્પર સફળતા પછીના પ્રતિક સાથે.

પ્રતિક સાથે હમેશથી એક ભાઈ — એક દોસ્તનો સંબંધ રહ્યો છે અને 'સ્કેમ ૧૯૯૨' ની બમ્પર સફળતા પછી પણ પ્રતીક હજુ પણ એ જ છે જે પહેલા હતો - સરળ અને ડાઉન ટુ અર્થ. એના વર્તન અને સ્વભાવમાં બિલકુલ ફેરફાર નથી..

૪. કોઈ પણ પ્રકારની હિરોગીરી બતાવ્યા વગર પણ વિઠ્ઠલનું પાત્ર સિરીઝમાં ડેશિંગ રીતે ઉભર્યું છે. શું ખાસ વિચારેલું એ વિષે ?

વિઠ્ઠલનું પાત્ર ૮૦ ના દાયકાના અમિતાભ જેવુ છે. હિરોગીરી પણ છે પરંતુ એને અમે વધુ સોબર અને શાંત રીતે રજૂ કર્યો છે. એના હાવભાવ અને આંખોથી જ અમે એની હિરોગીરી દર્શાવી છે.

૫. વિઠ્ઠલ તીડી-ભાગ ૧ અદ્ભૂત વળાંક પર આવીને અટકી ગયો છે. દર્શકોને ઈંતેજારી છે ભાગ-૨ ની. ક્યારે ?

ભાગ - ૨ લખવાનું શરૂ થઈ ગયું છે. લગભગ સાતેક મહિનામાં દર્શકો સમક્ષ રજૂ કરી શકીશું.

૬. પ્રતિક ગાંધીને લીધે 'વિઠ્ઠલ તીડી' માટે ફક્ત ગુજરાતી જ નહીં પણ ગુજરાતી ના જાણતા હોય એવા દર્શકો પણ ઉત્સાહિત હતા અને ફક્ત પ્રતિક જ નહીં પણ રાગી જાની, બ્રીંદા ત્રિવેદી, પ્રેમ ગઢવીથી લઈને એક એક કલાકારોનો અભિનય વખાણાયો છે. કેવો અનુભવ રહ્યો ?

પ્રતિક જેવો સમગ્ર દેશમાં લોકપ્રિય કલાકાર તમારી સાથે હોય ત્યારે સ્વાભાવિક દર્શકોમાં ઉત્તેજના વધુ હોય અને એના દેશભરના ચાહકો એ ' વિઠ્ઠલ તીડી' વખાણ્યું છે એનો અમને આનંદ છે. બધા જ કલાકારો કોરોનાને લીધે ઘણા સમય પછી સેટ પર હતા અને બધા ઉત્સાહિત હતા. મજબૂત સ્ક્રીપ્ટ, સંવાદો અને દરેકનો શાનદાર અભિનય વખણાયો છે એનો એક દિગ્દર્શક તરીકે ખૂબ આનંદ છે.

૭. ૮૦ ના દાયકામાં સેટ વાર્તામાં કેદાર ઉપાધ્યાય અને ભાર્ગવ પુરોહિતના સંગીત અને ખાસ તો બેકગ્રાઉંડ સ્કોરના વખાણ કરીએ એટલા ઓછા છે. શું આ રેટ્રો ટાઈપ મ્યુઝિક માટે કોઈ ખાસ પરિકલ્પના હતી ?

વિઠ્ઠલ ની વાર્તા સાંભળી ત્યારે જ નક્કી હતું કે આમાં અમિતાભ-આર.ડી.બર્મન-કલ્યાણજી આણદ્જીની ફિલ્મોની જેવુ રિધમ બેઝ્ડ પણ થોડા નવા જમાનાના ઈન્સ્ટ્રૂમેન્ટ સાથેનું સંગીત રાખીશું. કેદાર-ભાર્ગવે એ મુજબનું શાનદાર સંગીત તૈયાર કર્યું છે અને દર્શકોને ખૂબ પસંદ આવ્યું છે..

૮. ઓહોનો વિચાર કેવી રીતે આવ્યો ? ભવિષ્યમાં એમાં કેવા પ્રકારનું કન્ટેન્ટ દર્શકોને જોવા મળવાનું છે ?

ઘણી વાર્તાઓ પર કામ ચાલતું હતુ પણ થયું કે બધી વાર્તા પરથી ફિલ્મ ના બને અને આપણી પાસે અઢળક વાર્તાઓ છે જે રજૂ થવી જોઈએ એટ્લે એમાથી આપણું પોતાનું અને માત્ર ગુજરાતી કન્ટેન્ટ પીરસતા 'ઓહો' નો વિચાર આવ્યો. અત્યારે ઓલરેડી ચાર કન્ટેન્ટ રજૂ થઈ ચૂક્યા છે અને અમારો વાયદો છે કે દર દસમા દિવસે એક કન્ટેન્ટ રજૂ થશે આ હિસાબે વર્ષમાં લગભગ છ્ત્રીસેક અને સારો પ્રતીભાવ રહ્યો તો એનાથી પણ વધુ કન્ટેન્ટ જેમાં ડાયરો, નાટકો, વાચીકમ, ફિલ્મો વગેરે રજૂ કરવાનો પ્રયાસ રહેશે.

૯. તમે લોકો પાસેથી વાર્તાઓ મંગાવેલી. શું હવે એમાથી કોઈ વેબસિરીઝ જોવા મળશે કે ફિલ્મ ?

યસ એ વાર્તાઓમાથી અમે ઓલરેડી ૧૪ જેટલી વેબસિરિઝો બનાવી લીધી છે જે ધીરે ધીરે રજૂ થશે.

૧૦. આટલી મહેનતથી અને સુંદર રીતે બનાવેલી આ વેબસિરીઝ ની પણ પાઈરસી થઈ. શું કહેશો એ વિષે ?

પાયરસી મનોરંજન જગતનું કેન્સર છે. ક્ષણિક મજા માટે જે લોકો પાયરસી કરે છે એનાથી કોઈનું ભલું નથી થતું.બીજું કે એની આવક અસામાજિક પ્રવૃતિઓમાં જ વપરાતી હશે કેમકે આ ટોટલી બ્લેકમની જ છે. જ્યાં સુધી લોકો આને એક ક્રાઈમ તરીકે નહીં લે અને પાયરસીને જાકારો આપીને આટલી મહેનત અને પૈસા રોકીને બનવાયેલા કન્ટેન્ટને જો વધાવાશે નહીં અને પાયરસીને લીધે બનાવનારને કોઈ વળતર નહીં મળે તો ભવિષ્યમાં એવું બનશે કે કોઈ નિર્માતા આવું જોખમ જ નહીં લે અને આપણી વાર્તાઓ લોકો સુધી પહોચશે નહીં. વાર્ષિક ૫૦૦ રૂપિયા બીજા પ્રાદેશિક પ્લેટફોર્મની તુલનાએ ઘણા ઓછા છે. બીજા પ્લેટફોર્મ પાસે વધુ સબ્સ્ક્રાઈબર હોય એમને સસ્તું પોસાય પણ હજુ પા પા પગલી માંડતા આપણી ભાષાના 'ઓહો' માટે આ એકદમ વ્યાજબી છે. જો કે અંતે તો બધુ લોકોના હાથમાં છે કે તેઓ પાયરસીને કેવી રીતે લે છે.

૧૧. અભિષેક જૈન ના આગામી પ્રોજેક્ટ્સ?

'ઓહો' ના ઘણા બધા પ્રોજેક્ટ્સ સાથે હું દિગ્દર્શક કે નિર્માતા તરીકે જોડાયેલો છુ. એ ઉપરાંત આ વર્ષે મારી દિગ્દર્શક તરીકે રાજકુમાર રાવ- કિર્તિ સેનન - પરેશ રાવલ સ્ટારર હિન્દી ફિલ્મ 'હમ દો હમારે દો' પણ આવશે.